# જેડીયુને આરજેડીનો ટેકો

પટણા, તા. ૨૨

નવા રાજકીય સમીકરણોનો સંકેત આપે તેવા એક ઘટનાક્રમમાં આરજેડીના નેતા અબ્દુલ બારી સિદીકીએ આજે કહ્યું હતું કે, તેમની પાર્ટી નવા મુખ્યમંત્રી જીતન રામ માંઝીના નેતૃત્વમાં જેડીયુ સરકારને ટેકો આપશે. વિધાનસભામાં આરજેડી વિધાનસભા પક્ષના નેતા સિદીકીએ કહ્યું હતું કે, માંઝીના નેતૃત્વમાં જેડીયુ સરકારને આરજેડી ટેકો આપશે. સિદીકીએ કહ્યું હતું કે, આરજેડી ધારાસભ્યોની મિટિંગમાં



આ અંગેનો નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. ૨૪૩ સભ્યોની રાજ્ય વિધાનસભામાં આરજેડી ૨૧ સભ્યો ધરાવે છે. નીતિશકુમારે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધા બાદ નવા મુખ્યમંત્રી તરીકે જીતન રામની પસંદગી કરવામાં આવી હતી.બીજી બાજુ જીતન રામે કહ્યું છે કે, રાષ્ટ્રીય જનતા દળનો ટેકો મળી રહ્યો છે જે અમારા માટે ખુબ સારી બાબત છે. જીતન રામની પસંદગી નીતિશકુમાર દ્વારા જ કરવામાં આવી હતી. બે દિવસ અગાઉ કોંગ્રેસે પણ જેડીયુ સરકારને ટેકો આપવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસ પાસે ચાર ધારાસભ્યો છે. નીતિશકુમારે લોકસભાની ચૂંટણીમાં પક્ષના કંગાળ દેખાવ બાદ શનિવારના દિવસે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યું હતું. જેડીયુ ૧૧૭ ધારાસભ્યો ધરાવે છે. આ ઉપરાંત સીપીઆઈના એક સભ્ય અને બે અપક્ષ ધારાસભ્યોનો પણ ટેકો ધરાવે છે. આની સાથે જ જેડીયુ સરકારને જુદી જુદી પાર્ટીઓના ૨૮ સભ્યોનો ટેકો મળી ગયો છે.

## જીતન રામ આજે ગૃહમાં વિશ્વાસમત મેળવશે

પટણા, તા. ૨૨

બિહારના નવા મુખ્યમંત્રી જીતન રામ માંઝી આવતીકાલે વિધાનસભા ગૃહમાં વિશ્વાસમત મેળવશે. જીતન રામ માંઝીની આવતીકાલે પ્રથમ અગ્નિકસોટી થશે. જીતન રામ માંઝી રાજ્યના ૩૨માં મુખ્યમંત્રી તરીકે મંગળવારે શપથ લઈ ચુક્યા છે. રાજ્યપાલ ડીવાય પાટિલે તેમને ૨૩મી મેના દિવસે ગૃહના મંચ ઉપર વિશ્વાસમત લેવા કહ્યું હતું. નવી કેબિનેટમાં તમામ એજ પ્રધાનો રહેશે જે નીતિશકુમારની સરકારમાં હતા. વિજય ચૌધરી માંઝી બાદ શપથ લેનાર પ્રથમ સભ્ય હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બિહારમાં કોંગ્રેસે જેડીયુની સરકારને બિનશરતી ટેકો આપવાનો નિર્ણય કર્યો હતો. રાજ્યપાલ ડીવાય પાટિલને ટેકાના પત્રો સોંપી દેવામાં આવ્યા હતા. બીજી બાજુ બિહારના નવા મુખ્યમંત્રી તરીકે જીતન રામે મંગળવારે શપથ લીધા હતા. મુખ્યમંત્રી તરીકે નીતિશકુમારે રાજીનામુ આપ્યા બાદ આજે જીતન રામની મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીમાં જેડીયુના ખરાબ દેખાવ બાદ નીતિશકુમારે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યું હતું. કોંગ્રેસના ચાર સભ્યોના ટેકા સાથે નવી જેડીયુ સરકાર માટે સભ્યો વધીને ૧૨૪ થઈ ગયા છે. વિધાનસભામાં અસરકારક સંખ્યાબળ ૨૩૯ છે. જીતન રામના નેતૃત્વમાં નવી સરકારમાં કોંગ્રેસ સામેલ થશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી આવા કોઈ આદેશ મળ્યા નથી. રાજ્ય કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રેમચંદ મિશ્રાએ કહ્યું હતું કે, કોંગ્રેસ બિહારમાં સેક્યુલર સરકારને ટેકો આપશે. બિહારમાં નવી સરકાર બન્યા બાદ હવે રાજકીય ગતિવિધિઓ વધી ગઈ છે. આવતીકાલે જીતન રામ માંઝી સરળતાથી વિશ્વાસ મત જીતી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે આરજેડી, કોંગ્રેસ દ્વારા ટેકો આપવાની જાહેરાત કરાઈ છે.

# સંઘના કાર્યકરો લાંબા બ્રેક બાદ કેમ્પમાં પરત ફર્યા છે

નવી દિલ્હી,તા. ૨૨

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર સંઘના કાર્યકરો હવે પરત તેમના કેમ્પમાં ફર્યા છે. આની સાથે જ સંઘના કેમ્પ ફરી તેમની નિયમિત પ્રવૃતિમાં લાગી ગયા છે. તાજેતરમાં સંઘના કાર્યકરો ચૂંટણીપ્રચારમાં વ્યસ્ત હતા. કેન્દ્રમાં સત્તા પરિવર્તનની સાથે કાર્યકરો લાગી ગયા હતા. તેમના ઉદ્દેશ્યને પૂર્ણ કર્યા બાદ હવે કાર્યકરો તેમના કેમ્પમાં પરત ફર્યા છે. હાલમાં કેમ્પ ખાતે ટ્રેનિંગ પ્રક્રિયા બંધ હતી. સુત્રોએ કહ્યું છે કે સંઘ લીડરશીપે ભાજપ દ્વારા જે ૪૨૮ બેઠકો પર ચૂંટણી લડવામાં આવી હતી તે તમામ ૪૨૮ મતવિસ્તારોમાં પોતાના કાર્યકરોને ખાસ જવાબદારી સોંપી હતી. ભાજપની તરફેણમાં માહોલ સર્જવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. લોકસભાની ચૂંટણી દરમિયાન મોટા પાયે મતદાન થાય તેની ખાતરી પણ કાર્યકરો કરી રહ્યા હતા. દરેક બુથમાં મતદારોની વિગત અને ખાસ કરીને મકાન નંબર અને ફોન નંબર તેમના હાંસલ કરવામાં



આવ્યા હતા. આ વખતે સંઘના કાર્યકરો સતત સક્રિય રહ્યા હતા. તમામ માહિતી ભારત વિજય પર અપલોડ કરવામાં આવી હતી. આ સાઈટ ખુબ સુરક્ષિત બનાવાઈ હતી. નિયુક્ત હોદ્દેદારો જ આ સાઈટ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ માહિતી ટેબલેટ પર પર અપલોડ કરવામાં આવી હતી. આ ટેબલેટ જિલ્લા સ્તરના હોદ્દેદારોમાં આપી દેવામાં આવ્યા હતા.

ભાજપની તરફેણમાં મોટા પાયે મતદાન થાય તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. સંઘના પ્રવકતા રામ માધવે આ વિગતને સમર્થન આપવાનો ઈન્કાર કર્યો છે. પરંતુ કબુલાત કરી છે કે સંગના કાર્યકરોની ચૂંટણીમાં ભૂમિકાહતી. કેન્દ્રમાં સત્તા પરિવર્તન માટે સંઘના કાર્યકરોએ વર્ષ ૧૯૭૭ બાદ પ્રથમ વખત આટલા મોટા પાયે ભાગ લીધો હતો. જો કે, માધવે કહ્યું હતું કે, સંઘની જંગી તૈનાતી કરાઈ હતી તે અહેવાલ આધારવગરના છે. ચૂંટણીમાં ભાજપ માટે બિન રાજકીય સંગઠન સંઘ દ્વારા કામ કરવામાં આવ્યું નથી એવી વાત પણ વારંવાર આવી રહી છે. સંઘના કાર્યકરો આ વખતે સક્રિયરીતે મેદાનમાં આવ્યા હતા. સંઘે પરિવર્તન માટે આ વખતે તૈયારી દર્શાવી હતી.

## મોદીની શપથવિધીમાં શરીફ હાજરી નહી આપે : અહેવાલ

નવી દિલ્હી,તા. ૨૨

નરેન્દ્ર મોદીની શપથવિધીમાં ભાગ લેવા માટે વિશ્વના અનેક દેશોના વડાને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ પહોંચશે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતી છે. કારણ કે નવાઝ શરીફની હાજરીને લઈને પાકિસ્તાનમાં કોઈ નિર્ણય કરી શકાયો નથી. જો કે શ્રીલંકાના પ્રમુખ મહિન્દા રાજપક્ષે, અફઘાનિસ્તાનના વિદાય લેતા પ્રમુખ હામીદ કરઝાઈ, ભુટાનના વડાપ્રધાન શેરિંગ તોબ્ગે, નેપાળના વડાપ્રદાન સુશીલ કોઈરાલા અને માલદીવના પ્રમુખ અબ્દુલ્લા યામીન શપથવિધીમાં બાગ લે તેવી શક્યતા છે. જો કે તમામની નજર પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના નિર્ણય પર આધારિત છે. એક અગ્રણી અગ્રેજી અખબારને સુત્રોએ કહ્યું છે કે શરીફ ભાગ લેશે કે કેમ તે અંગે હજુ કોઈ નિર્ણય કર્યો નથી. શરીફે ૧૬મી મેના દિવસે મોદીને ફોન કરીને તેમને ઈસ્લામાહબાદ આવવા માટે આમંત્રણ આપ્યું હતુ. પાકિસ્તાન સાથે સંબંધ રાખવાની બાબત મોદી માટે ખુબ મુશ્કેલરૂપ છે. કારણ કે પાકિસ્તાન દ્વારા સરહદ પારથી ત્રાસવાદી ગતિવિધીઓને પ્રોત્સાહન મળતુ રહ્યું છે. બીજી બાજુ મોદી આક્રમક નેતા તરીકે છે.સપ્ટેમ્બર ૨૦૧૨ બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ વાતચીત થઈ નથી. છેલ્લે ભારતના વિદેશ પ્રધાન તરીકે એસએમ કૃષ્ણાએ પાકિસ્તાનની યાત્રા કરી હતી.

બંગલાદેશના વડાપ્રધાન શેખ હસીના રાષ્ટ્રપતિ ભવનના પ્રાગણમાં યોજાનાર આ શપથવિધીમાં ભાગ લેવા તેમાના પ્રતિનિધીને મોકલી શકે છે. મંગળવારના દિવસે મોદીએ રાષ્ટ્રપતિને મળીને શપથવિધીમાં સાર્ક દેશોના વડાને શપથવિધીમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવાની વાત કરી હતી. હવે કેટલા દેશોના વડા પહોંચે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે.

# કેજરીવાલે તિહારમાં જેલ નંબર ચારમાં રાત્રી ગાળી

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલે તિહાર જેલમાં



પ્રથમ રાત્રી જેલ નંબર ચારમાં ગાળી હતી. આ એ જ જગ્યા છે જ્યાં વર્ષ ૨૦૧૧માં ધરપકડ કરવામાં આવ્યા બાદ સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણા હઝારે રહ્યા હતા. બદનક્ષીના કેસમાં ગઈકાલે કેજરીવાલને કસ્ટડીમાં લેવાનો કોર્ટે આદેશ આપ્યો હતો. અલબત્ત એએપીના નેતા કેજરીવાલ ની એક કાર્યકર તરીકે અનેક વખત અટકાયત કરવામાં આવી ચુકી છે પરંતુ પ્રથમ વખત કોર્ટના આદેશથી તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. ગઈકાલે કોર્ટે કેજરીવાલને બે દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કર્યો હતો. ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતા રૂમમાં કેજરીવાલને રાખવામાં આવી રહ્યા છે. તેમના પર તાજેતરમાં કરવામાં આવેલા હુમલાના સંબંધમાં અન્ય કેદીઓ કરતા તેમને અલગ રાખવામાં આવી રહ્યા છે. સુરક્ષાના કારણોસર જેલના અધિકારીઓ દ્વારા તેમના પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. કજરીવાલને વધારે કોઈ સુવિધા આપવામાં આવી ન હતી. તેમના રૂમમાં ટીવી નથી. માત્ર એક ફેન એ એક બલ્બ છે. જેલ દ્વારા તેમને એક બ્લેન્કેટ, બે બેડસીટ અને એક મેટની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમના પરિવાર દ્વારા આપવામાં આવેલી બેડિંગને મંજૂરી આપવામાં આવી છે. તિહાર જેલના મુખ્ય પીઆરઓ સુનિલ ગુપ્તા દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. બુધવારે રાત્રે અધિકારીઓએ કહ્યું હતું કે, કેજરીવાલે નિયમિત જેલના ભોજન લીધું હતું. બીજી કોઈ ચીજની માંગ કરી ન હતી. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કોર્ટ દ્વારા તેમને જેલમાં લઈ જવાનો આદેશ કર્યા બાદ આશરે ૪૫ મિનિટ સુધી પટિયાલા હાઉસ કોર્ટના સંકુલમાં લોકઅપમાં રહ્યા હતા. કોર્ટે તેમને કેટલીક ચીજવસ્તુઓ લેવાની મંજુરી આપી હતી. કેજરીવાલની સાથે સુરક્ષા દળોનો મોટો કાફલો રહ્યો હતો.

## શેરબજારમાં ફરી તેજી

મુંબઈ, તા. ૨૨

શેરબજારમાં આજે પણ તેજીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૭૬ પોઈન્ટ ઉછળીને ૨૪૩૭૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૪ પોઈન્ટ ઉછળીને ૭૨૭૬ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ બુધવારના દિવસે ૨૬૬.૨૨ કરોડની કિંમતના શેરનું વેચાણ કર્યું હતું. સ્ટોક એક્સચેંજ પાસેથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આગામી સરકાર માટે નાણાં મંત્રાલય દ્વારા નવી યોજના તૈયાર કરી લેવામાં આવી છે. આ નવી યોજનાના ભાગરુપે સબસિડી અને કલ્યાણ યોજનાઓના ખર્ચ કાપની દરખાસ્ત મુકાઈ છે. વર્તમાન વર્ષની નાણાંકીય ખાદ્યને ઘટાડવા અને ૨૫ હજાર કરોડ બચાવી લેવાની આ યોજના છે. શેરબજારમાં આજે આને લઈને ચર્ચા રહી હતી. કારોબાર દરમિયાન આજે એનટીપીસીના શેરમાં ૭.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. આ ઉપરાંત અન્ય ઘણા શેરોમાં તેજી રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો સુધારો થયો હતો. માર્કેટ બ્રીડ્થ આજે તેજીમાં રહી હતી. ૨૨૬૯ શેરમાં તેજી અને ૭૪૪ શેરમાં મંદી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ગઈકાલે બ્રેક મુકાઈ હતી. ગઈકાલે કારોબારના અંતે સેંસેક્સ ૭૯ પોઈન્ટ ઘટીને ૨૪૨૯૮ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં પ્રોફિટ બુકિંગની સ્થિતિ ગઈકાલે જોવા મળી હતી. સેંસેક્સ ચાર દિવસના ગાળામાં ૫૬૨ પોઈન્ટ સુધર્યા બાદ તેમાં ૭૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો જેથી તેની સપાટી ૨૪૨૯૮ રહી હતી. કેપિટલ ગુડઝ, બેંકિંગ, ઓઈલ એન્ડ ગેસ અને હેલ્થકેર જેવા સેક્ટરોના શેરમાં મંદી જોવા મળી હતી. નિફ્ટી પણ ઘટાડા સાથે બંધ રહ્યો હતો. નિફ્ટીની સપાટી ગઈકાલે ૭૨૫૩ નોંધાઈ હતી. ઈન્ટ્રા ડે દરમિયાન નિફ્ટીની સપાટી એક વખતે ૭૨૦૬ સુધી પહોંચી ગઈ હતી. ગઈકાલે શેરબજારમાં મંદી નોંધાયા બાદ આજે ફરીવાર રિકવરી જોવા મળી હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં આજે તેજી જોવા મળી હતી.

# હવે ભારતીય અરેબીક દેશોમાં પ્લાસ્ટિક રોડ, ફર્નીચર આપશે

મુંબઈ, તા ૨૨

કેમીકલ પ્રોડકટ એવી પ્લાસ્ટીકનો ઉપયોગ વધતા ભારતીયોએ મધ્યપૂર્વના દેશોના નજર દોડાવી છે. ટેકનોલૉજી પૂરી પાડનાર ભારતીયો રોમટીરિયલ સહીત તૈયાર વસ્તુઓ પણ હવે નિકાસ કરવા લાગ્યા છે. પ્લાસ્ટિક બનાવવા માટે કોઈ ઝાડ કાપવું પડતુ નથી તેથી પર્યાવરણની દષ્ટિએ તેનો ઉપયોગ વધી રહ્યો છે. મધ્યપૂર્વના દેશોનું મુખ્ય કેન્દ્ર શારજાહમાં તાજેતરમાં જ એક પ્રદર્શન યોજાયું પ્રિન્ટીંગ, પેકેજિંગ, પ્લાસ્ટિક મોઈલ્ડ મેકીંગની પમી આંતરરાષ્ટ્રીય પરિષદ પ્લાસ્ટિક્સ સંમેલન ૨૦૧૪ શારજાહના એક્સપો સેન્ટરમાં યોજાઈ જે પ્લાસ્ટિકોન તરીકે જાણીતી બની.આંતરરાષ્ટ્રીય પરિષદ પ્લાસ્ટિક્સ સંમેલન (પ્લાસ્ટિકોન ૨૦૧૪) માટે સંયુક્ત રીતે શેખ મોહમ્મદ બિન સઈદ બિન સુલ્તાન અલ કાસીમીએ ઉદ્ઘાટન કર્યું હતું. તેઓ શારજાહ ડિપાર્ટમેન્ટ ઓફ સેન્ટ્રલ ફાઈનાન્સના ચેરમેન છે. તેમની સાથે ડીસીપીસી (ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ) ના સેક્રટરી ઈન્દ્રજિત પાલ, આઈએએસ પણ હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે શારજાહ મેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન અહમદ મોહમ્મદ અલ મિડફા, એક્સ્પો સેન્ટર શારજાહના સીઈઓ સઈદ મોહમ્મદ અલ મિડફા, ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચર્સ એસોસિએશન, ડીમેટ, ઈંડિયાના પ્રિન્ટીંગ પેકેજિંગ એન્ડ એલાઈડ મશીનરી મેન્યુફેક્ચર્સ એસોસિએશન, ગલ્ફ પેટ્રોકેમિકલ્સ એન્ડ કેમિકલ્સ એસોસિએશન અને અન્ય અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.યુએઈ હવે પેટ્રોકેમિકલ્સ અને પ્લાસ્ટિક ઉદ્યોગ માટે અગ્રણી સ્રોત બની રહ્યું છે. આ માહિતી પીવીએ ચેયરમેન જયેશ રામભીયાએ આપી. એસએમઈ અને એમએસએમઈ માટેની કેટલીક ખાસ સ્કીમ વિશે પણ જણાવ્યું હતું.આ પ્રસંગે શારજાહ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેને એહમદ મોહમ્મદ અલ મિડફાએ જણાવ્યું હતું કે, "મધ્યપૂર્વમાં પ્લાસ્ટીકની ખપત પેકિંગ ઉદ્યોગ અને બાંધકામ ઉદ્યોગને કારણ વધી છે. તે ઉપરાંત કન્ઝ્યુમર્સ ચીજવસ્તુઓ અને ટેક્સટાઈલ્સનો પણ ખપત વધારવામાં મોટો ફાળો છે."આફ્રિકામાં ફ્લેક્સીબલ પેકેજિંગ ઉદ્યોગ ૨૦૧૩માં ૪ બિલિયન અમેરિકન ડોલરની કિંમતનો રહ્યો જેમાં દર વરસે પાંચ ટકાનો વધારો થાય છે. પ્લાસ્ટિકની ખપત કરતું બીજુ ક્ષેત્ર બાંધકામ ક્ષેત્ર છે. જે ૩.૪૫ ટ્રિલીયન અમેરિકન ડૉલરનું છે.

એક્સ્પો સેન્ટર શારજાહના સીઈઓ સઈદ મોહમ્મદ અલ મિડફાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે પ્લાસ્ટિવિઝન અરેબીઆ ખાતે પ્લાસ્ટિક કન્વર્ઝન (પ્લાસ્ટિકોન ૨૦૧૪) માટેની ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન ગલ્ફ પેટ્રોકેમિકલ્સ એન્ડ કેમિકલ્સ એસોસિએશનને સંયુક્ત રૂપે કર્યુ હતું. તેણે અન્ય રીતે સંપર્ક સેતુ ઊભા કરવામાં અગત્યની ભૂમિકા અદા કરી છે. જીપીસીએના સેક્રેટરી ડૉ. અબ્દુલ-વહાબ અલ-સાર્ડાઉને અવસરે કન્વર્ઝનનો વિકાસ થઈ રહ્યો છે.

## સમાચાર ઝલક

- રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ યોજવાનું બાળમરણ, માત્ર ૨૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અરજી કરી.
- અમદાવાદમાં મેડીકલ લાઇનમાં પૈસા લઇ પ્રવેશ અપાવવાની વાતો કરતાં ચીટરોની ધરપકડ.
- સોનાની આયાત નીતિ માટે રીઝર્વ બેંકે નવી માર્ગદર્શિકા બહાર પાડી.
- કાનપુર મીલમાં ભીષણ આગ લાગી.
- નર્મદા જિલ્લાના અધિકારીનું ફરજ દરમિયાન મૃત્યુ.
- દિલ્હી કોલકત્તા સહિત અનેક રાજયોમાં ભૂકંપ.
- વૈજ્ઞાનિકોએ ચોખાનાં દાણા જેટલો વાયરલેસ પેસમેકર બનાવ્યું.
- કેરીમાં રહેલા પોષકતત્ત્વો વજન ઘટાડવામાં ઉપયોગી.
- નાઇજીરીયામાં બોમ્બ ધડાકાથી ૧૧૮માં મોત.
- સરકારી પ્રાથમિક શાળાઓમાં ઇન્ટરનેટ કનેક્ટીવીટી થશે.
- બાંગ્લાદેશની સરહદે ચાલતાં ત્રાસવાદીઓનાં ૬૦ કેમ્પોની માહિતી બી.એસ.એફ. આપી.
- વોર્ડ વાર ગણતરી કરવા સામે ચૂંટણીપંચે સુપ્રીમનાં વાંધા સાથે રજૂઆત કરી.
- શ્રીમતી આનંદીબેન પટેલ દેશનાં ૧૫મા મહિલા મુખ્યપ્રધાન તો, ગુજરાતમાં પ્રથમ.
- ૭૦૦ કરોડનાં હવાલા કૌભાંડનો આરોપી અફરોઝ બટ્ટા આખરે જેલમાં.
- ગરમીમાં અગનવર્ષા, જયારે એ.સી.બજાર ઠંડુગાર, ૧૫ ટકા ભાવોમાં ઘટાડો.
- અમદાવાદ અસલામત, ૪ મહિનામાં ૧૧૧ લૂંટ અને અન્ય બનાવો.
- નર્મદા નદીમાં નાખવામાં આવતાં સિક્કા કેટલાક પરિવારોનું આજીવિકાનું માધ્યમ.
- ઉનાળાના વેકેશનમાં, કાશ્મીર, હિમાચલ પ્રવાસીઓ માટે ફેવરીટ બન્યા.
- આકરો તાપ, બેફામ બફારો અને અંગ દઝાડતી 'લૂ'થી લોકો ત્રસ્ત, હજુ ગરમી વધશે.

# પાકિસ્તાનમાં તાલિબાનના અડ્ડાઓ પર હવાઈ હુમલા

ઈસ્લામાબાદ,તા. ૨૨

પાકિસ્તાની હવાઈ દળે આજે અફઘાન સરહદ નજીક દેશના હિંસાગ્રસ્ત આદિવાસી વિસ્તારમાં તાલિબાનના અડ્ડા પર હુમલા કર્યા હતા. જેમાં ત્રાસવાદીઓને પક્ષે મોટી ખુવારી થઈ હોવાનુ જાણવા મળી રહ્યું છે. બીજી બીજુ ભીષણ અથડામણ પણ થઈ હતી. જેમા પણ ત્રાસવાદીઓના મોત થયા છે. પાકિસ્તાની હવાઈ દળે તાલિબાનના અડ્ડા પર કરેલા હવાઈ હુમલા અને ભીષણ અથડામણમાં કુલ ૭૫ લોકોના મોત થયા છે. જેમાં ૭૦થી વધારે ત્રાસવાદીઓનો સામાવેશ થાય છે. લશ્કરી અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે એર ફોર્સના બોમ્બર વિમાનોએ ઉત્તરીય વઝિરિસ્તાનમાં હુમલા કર્યા હતા. ઉત્તરીય વઝિરિસ્તાન એવા સાત આદિવાસી વિસ્તારો પૈકીના એક તરીકે છે જ્યાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ હાજરી ધરાવે છે. અહીં અલકાયદાના ત્રાસવાદીઓના અડ્ડા વધારે છે. હુમલા કરવામાં આવ્યા ત્યારે ટાર્ગેટ



સ્થળ પર મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ હાજર રહ્યા હતા. મળેલા અહેવાલ મુજબ હુમલા અને અથડામણમાં ૬૦ કુખ્યાત ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. જેમાં કેટલાક કમાન્ડર અને વિદેશી ત્રાસવાદીઓનો સમાવેશ થાય છે. આ હુમલામાં ૩૦થી વધારે ત્રાસવાદીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. હુમલામાં મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રી નાશ પામી હતી. તાજેતરમાં જુદી જુદી જગ્યાએ હુમલા કરનાર ત્રાસવાદીઓ આમાં માર્યા ગયા હતા. પેશાવરમાં આઈડીપીના કેમ્પ પર હાલમાં કરવામાં આવેલા હુમલામાં સામેલ રહેલા ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો હતો. હુમલા અને ભીષણ અથડામણમાં કેટલા લોકોના મોત થયા છે તે અંગે પાકી માહિતી મળી શકી નથી કારણ કે જે વિસ્તારમાં હુમલા કરવામાં આવ્યા હતા તે ખુબ દુરગામી વિસ્તાર તરીકે છે. દરમિયાન ઉત્તરીય વઝિરિસ્તાનના મીર અલી વિસ્તારમાં સુરક્ષા દળ અને બળવાખોરો વચ્ચે થયેલી અથડામણમાં ૧૧ ત્રાસવાદીઓ અને ચાર સુરક્ષા જવાનોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. પાકિસ્તાનમાં રક્તપાતનો દોર જારી રહ્યો છે.

## રાજસ્થાનમાં પાવર કંપનીમાં ધુમ્રપાન કરનારને જોબ નહીં મળે


જયપુર ,તા. ૨૧

રાજસ્થાનમાં ધુમ્રપાન કરનાર લોકોને મોટો ફટકો પડ્યો છે. કારણ કે, રાજસ્થાનમાં આવેલી મોટી સરકારી ઈલેક્ટ્રીસિટી કંપનીઓને એવા લોકોને નોકરી નહીં આપવાનો નિર્ણય કર્યો છે જે લોકો ધુમ્રપાન કરે છે. રાજ્યમાં ઉર્જા વિભાગમાં સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આ સંબંધમાં આદેશો ટૂંક સમયમાં જ જારી કરવામાં આવનાર છે. તમ્બાકુ નિયંત્રણ ઓક્ટોબર ૨૦૧૨ માટેની રાજ્ય સ્તરની કમિટિએ એવી ભલામણ કરી હતી કે, તમ્બાકુ અથવા તો ધુમ્રપાન કરનાર કોઈપણ વ્યક્તિને સરકારી નોકરી મળવી જોઈએ નહીં. આ સંદર્ભમાં એક પરિપત્રમાં નવેમ્બર ૨૦૧૩માં જારી કરાયો હતો. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા આ પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો.

## એએપીના નેતા યોગેન્દ્ર યાદવે બોન્ડ ભરી જામીન મેળવ્યા

નવી દિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટીના નેતાઓના બોન્ડ ભરવાના સિદ્ધાંત કેમ અલગ અલગ છે. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જેલમાં મોકલવાના વિરોધમાં તિહાર જેલની બહાર પ્રદર્શન કરવા બદલ ધરપકડ કરાયેલા આપ નેતા યોગેન્દ્ર યાદવે પાંચ હજાર બોન્ડ ભરીને આજે જામીન મેળવી લીધા હતા. કેજરીવાલે કોર્ટે સમક્ષ બોન્ડ



ભરવાનો ઈન્કાર કરતા તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. જ્યારે યોગેન્દ્ર યાદવના જેલમાંથી છુટકારો મેળવવા માટે બોન્ડ ભરવાના વિરોધાભાષી સિદ્ધાંત પર સોશિયલ સાઈટ્સ પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. ભાજપના નેતા નીતિન ગડકરી દ્વારા કરવામાં આવેલા બદનક્ષીના કેસમાં કેજરીવાલે બોન્ડના સિદ્ધાંતોની વિરુદ્ધ જણાવી તેને ભરવાનો ઈન્કાર કરી દીધો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, આ તેમનો સિદ્ધાંત છે કે, જ્યારે કંઈ ખોટુ નથી કર્યું તો હું જામીન માંગીશ નહીં. હું જેલમાં જવા માટે તૈયાર છું. કોર્ટે ત્યારબાદ તેમને બે દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં તિહાર જેલ મોકલી દીધા હતા. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ કેજરીવાલને જેલ મોકલવાની વિરુદ્ધ તિહાર જેલની બહાર દેખાવો કર્યા હતા. પોલીસે નિયમોનું ઉલ્લંઘન કરવાના આરોપસર યોગેન્દ્ર યાદવ, મનિષ સિસોદિયા સહિત ૫૯ જેટલા એએપી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.